ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

માનવીને આ જગત આદમથી શેખાદમ સુધી
એ જ દોરંગી લડત , આદમથી શેખાદમ સુધી.
ફુલમાં ડંખો કદી,ક્યારેક કાંટામાં સુવાસ;
લાગણીની આ રમત આદમી શેખાદમ સુધી.

- શેખાદમ આબુવાલા.

### પાથેય

- રમેશ ઠક્કર

## શું ખરૂં ને શું ગલત ?

સદ-અસદનું દ્વંદ અનેરૂં છે..જગતમાં સારૂં છે તો સમાંતરે ખરાબ પણ ચાલતું રહે છે..કયાંય માનવતાની સરવાણીઓ વહેતી રહે છે તો કયાંક એવી ઘટનાઓ બને છે કે માણસજાત ઉપરથી આપણો વિશ્વાસ જ ઉઠી જાય..લોભ અને સ્વાર્થથી ખદબદતી દુનિયામાં કેટલાક એવા પરોપકારી લોકો પણ જીવન જીવે છે જે પોતાની સંપતિ કે પોતાની બુધ્ધિ થકી જગતનું કલ્યાણ કરતા રહે છે..જીવનની આ ગડમથલ સાચે જ આશ્ચર્ય ઉપજાવે છે...

તાપ અને સંતાપની જુગલબંધી જગ જૂની છે. જગતના નિર્માણનાસમયથી એ ચાલી આવે છે.ઘણીવાર સારાનરસાની ભેદરેખા પાતળી અને છેતરામણી પણ હોય છે.જ્ઞાનીજનો આને જ કદાચ માયા કહેતા હશે! એક સિકકાની બે બાજુઓ જેવી વાસ્તવિકતાને સમજવી સામાન્ય માણસ માટે મુશ્કેલ હોય છે.ગુણીજનો એને જીવનની ઘટમાળ કહે છે..નરસિંહ મહેતા જેવા કવિ કહે છે કે સુખ દુ:ખ મનમાં ના આણીએ,ઘટ સાથે રે ઘડીયાં..આધુનિક વિજ્ઞાન પણ માને છે કે આઘાત અને પ્રત્યાઘાત સરખા અને સામસામે હોય છે ! કોઇ એક વ્યકિતની ખુશી બીજાને માટે સંતાપ હોઇ શકે કોઇકની મુશ્કેલી અન્ય માટે રાહતનો શ્વાસ બની જાય..જીવવાની આ મથામણ નહીં પળોજણ પણ કહી શકાય

સુખ એ સાર્વત્રિક તલાશ છે..વૈભવનો અતિરેક ક્યારેક માણસ માટે મ ગર્તા બની જાય છે.સફળતાનો દબદબો સહુને ગમે છે..પરંતુ ચોતરફ મનું કૃત્રિમ અને સ્વાર્થી વાતાવરણ દરેકને પજવે છે.સંતતિ માટે સંઘર્ષ કરીએ છીએ. એને પાળીએ છીએ પોષીને પુખ્ત બનાવીએ છીએ કાબેલ બનાવીએ પણ એ આપણો આધાર બની રહેશે એની કોઇ ગેરંટી હોતી નથી ! કટોકટીના સમયે મદદ તો ઘણીવાર અજાણ્યાની જ મળે છે..! કોણ પારકું અને કોણ પરાયું એ સમજવામાં જ ક્યારેક જીવન પુરૂં થઈ જતું હોય છે.

મૌન એ શ્રેષ્ઠ વ્રત છે..ના બોલવાના નવ ગુણ હોય છે. મિતભાષી થનારને આપોઆપ લાભ થતો રહે છે.સામા છેડે વાણીનો વૈભવ પણ જરૂરી છે..ઉપવાસનો અજવાસ છે, છતાં ખોરાકની અનિવાર્યતા નિરાળી છે..દોડવું જરુરી છે પણ વિરામનો ય વૈભવ છે..પ્રેમ પરમ ચીજ પણ આસક્તિ અનિષ્ઠ બની જાય છે..જ્ઞાન ઊત્તમ પણ શુષ્કતાનું આવરણ હોય તો સાવ નકામું..નમ્રતા સંસ્કાર પણ..બુઝદિલી જેવી કોઇ બીજી નબળાઇ ના હોઇ શકે..મહેનત રંગ લાવે છે પણ વધારે પડતો પરિશ્રમ વૈતરું બનીને ગૂંગળાવે છે..સાલસપણું બધે નથી ચાલતું કયાંક આક્રમકતા જ અધિકાર અપાવે છે..જિંદગીની વાવનાં પગથિયાં અટપટાં છે..એ ક્યારેક ઉપર તો કયારેક નીચે લઈ જાય છે. આત્મગૌરવ અનોખો અલંકાર હોઇ શકે..ઘમંડ પતન તરફ લઇ જાય.સંગીત અને ઘોંઘાટ અલગ બાજુઓ છે..પવન અને પ્રચંડ હવા બંને એક જ વસ્તુનાં અલગ સ્વરૂપ છે.ઝરણાનો લય છે..પુરનો પ્રકોપ છે...વરસાદ ભીંજવે છે..વાદળ ફાટે તો પજવે છે..તાપ અકળાવે પણ એના થકી જ વાદળો બંધાય છે..ઝાકળ છે ઝાંઝવાં છે મૃગજળ પણ છે..એ બધાની વચ્ચે પણ કયાંક મીઠા વીરડાઓ અને એકાકી ઝરણાંઓની દુનિયા પણ છે.. ઘણીવખત જે પોષે છે તે મારે છે..આ ક્રમ કુદરતી છે..અહીં ઘણુ અકુદરતી પણ હોય છે..અને એ પણ કુદરતનો જ હિસ્સો હોય છે!

# વિશ્વ યુદ્ધ અને ગૃહ યુદ્ધ બેઉથી બચવાની જરૂર છે

**તંત્રીસ્થાનેથી...**

યુક્રેનના રાષ્ટ્રપતિ ત્રીજા વિશ્વયુદ્ધની આગાહી કરી રહ્યા છે કે રાહ જોઈ રહ્યા છે તે કળવું મુશ્કેલ છે. પુતિન સાથે પુતિનને અનુકૂળ થવાની રીતે તેઓ મુલાકાત કરી શકે એમ નથી. પુતિન મરણિયા બન્યા છે. ઝેલેન્સ્કીનો જીવ જોખમમાં છે. પુતિન પણ સલામત છે એમ માની લેવાની જરૂર નથી. યુદ્ધના ભણકારા વચ્ચે ઓચિંતી જ એમની હત્યાના સમાચાર વાળી ક્લિપ પ્રસારિત થાય તો નવાઈ નહીં લાગે. સામે અમેરિકા છે એ નહીં ભૂલવું જોઈએ. એના માટે ઓસામા બિન લાગેન અને વ્લાદિમીર પુતિન બેઉ દુશ્મનો જ છે. દરમિયાન ભારતને સસતું તેલ આપવાની રશિયાની દરખાસ્ત સ્વીકારી લઈ ભારતે અમેરિકાની આંખમાં આંગળી ખોસી છે. અમેરિકા એક પછી એક પ્રતિબંધોની વણજાર ખડી કરીને રશિયાને ધૂળ ચટાડવા અને પાયમાલ કરી મૂકવા કૃતસંકલ્પ છે. ભારતે જૂના અને નીવડેલા મિત્ર તરીકે રશિયાને આડકતરો અને તેલ ખરીદીને સીધો સહકાર આપવાની હિંમત દાખવી છે. માનવતાની રૂએ યુક્રેનને મદદરુપ થવું જોઈએ પરંતુ યુદ્ધરત વિશ્વમાં માનવતાં કરતાં મૈત્રી અને અંગત સંબંધો વધુ અગત્યના બની રહે છે. અમેરિકા માટે ભારતનું વલણ આંખમાં કસ્તરની જેમ ખૂંચે જ. પરંતુ ચીન સામે એક મજબૂત પ્લેટફોર્મ તરીકે અને વિશ્વસ્તરીય બજાર તરીકે અમેરિકાને ભારત સામે બાકરી બાંધવી ગમેશે નહીં. પાકિસ્તાન તો ખુલ્લેઆમ ચીનના ખોળે બેસી ગયું છે. ચીન રશિયા સાથે જોડાઈને અમેરિકા સામે મોરચો માંડી રહ્યું છે. વડાપ્રધાન ઈમરાનખાન છડેચોક પુતિનની મહેમાનગતિ માણી આવ્યા એવું સાહસ કદાચ મોદી નહીં કરી શકે. બલકે એવા દેખાડા કરવાની જરૂર પણ નથી. પણ જો અમેરિકા આડું ફાટશે તો રશિયા-ચીન-પાકિસ્તાન સામે ભારત પણ એની સામેની તરફ મોઢું ફેરવી શકે છે. યુએનમાં સલામતી સમિતિમાં રશિયા વિરુદ્ધ લદાયેલ પ્રસ્તાવમાં ગેરહાજરીપૂર્વક તટસ્થ રહીને છેવટે સંકેત તો એવો જ આપી દીધો છે. ઘર આંગણે ભારત ઊકળતો ચરુ બની રહ્યું છે. દેશ આખો સંભવિત ગૃહયુદ્ધની પૂર્વભૂમિકા સમાં કોમી રમખાણોના કગાર પર આવીને ઊભો છે. મુસ્લિમોને એવું લાગી રહ્યું છે બલકે પ્રયત્નપૂર્વક લગાડાઈ રહ્યું છે કે એમને હિંદુસ્તાનમાં હિંદુઓને મોટાભાઈ માનીને રહેવું પડશે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘનો હિંદુ રાષ્ટ્રનો એજન્ડા આંશિક રીતે અમલમાં મુકાઈ રહ્યો છે. ઈતિહાસનાં પુસ્તકો નવેસરથી લખાઈ રહ્યા છે. ઔરંગઝેબ તો ઠીક, અકબરને પણ વિલન તરીકે રજૂ કરાઈ રહ્યો છે. ટૂંકમાં ભારતીય મુસલમાનોને ભોંઠા પાડવાની એક પણ તક વર્તમાન શાસક મંડળી જવા દેવા તૈયાર નથી. મુસલમાનોને કોંગ્રેસે પંપાળ્યા છે એનો ખુલ્લો આક્ષેપ કરનારા શાસક પાર્ટીના ધુરંધરોને ગાંધીજી પર પ્રેમ ઊભારી જાય છે એવું માની લેવાની જરૂર નથી. પરંતુ હજી ગાંધી પર હુમલો કરવાનો સમય નથી આવ્યો એમ માનીને કામ થઈ કેટરના કટ્ટર હિંદુત્વવાદીઓ દ્વારા કરાવાઈ રહ્યું છે. તદ્દન બિનજરૂરી કહી શકાય એવો કર્ણાટકનો હિજાબ વિવાદ દિવસે દિવસે વિકરાળ બની રહ્યો છે. કટ્ટર મુસલમાનોએ એને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી દીધો છે. મુસ્લિમ વિદ્યાર્થીનીઓ પૈકી કોઈને હિજાબ સામે વાંધો નથી; છે તો શાળા સંચાલકોને છે અને હવે હાઈકોર્ટને પણ છે ! ઉશ્કેરાયેલા મુસ્લિમોના કટ્ટર જેહાદી જૂથે ચુકાદો આપનાર હાઈકોર્ટના જજને પણ જોઈ લેવાની ધમકી આપી છે. ફક્ત પોલીસ કે અર્ધલશ્કરી દળોથી રાજ ચલાવી શકાતું નથી. પ્રજામાં સુલેહ-શાંતિ રહે એ માટે કેટલીક અણગમતી રીતરસમો પણ ચલાવી લેવામાં શાણપણ નિહાળનારા શુદ્ધ શાહાકારી હિંદુઓ બકરી ઈદમાં લોહિયાળ પ્રવૃત્તિને નજરઅંદાજ કરતા જ રહ્યા છે. મુસલમાનોને પાકિસ્તાન ચાલ્યા જાઓ - એમ કહેવું સહેલું છે પણ સરકાર એમને કાઢી મૂકે એમ નથી, તે કઠોર વાસ્તવ છે. દેશમાં એ કોમ વર્ષોથી રહે છે. મોટા ભાગના આ મુસલમાનો મૂળે તો વટલાયેલા હિંદુઓ જ છે. ધર્મને ધીમું ઝેર કરેનારો માર્ક્સ કેટલો સાચો હતો તે અત્યારે દેશમાં પ્રવર્તી રહેલી તંગદિલીથી સમજી શકાય એમ છે. વિસ્ફોટ થાય એ પહેલાં શાણા લોકોએ આગળ આવી ઊકળતો ચરુ ઠારવાની જરૂર છે. નહીંતર દેશમાં બીજું પાકિસ્તાન ઊભું થતાં વાર નહીં થાય.

# રાજી રહેવું એ વ્યક્તિની પોતીકી નિસ્બતની વાત છે




હમણાં પારિવારિક સ્વજન નીલેશ શાહ સાથે વાતો કરતો હતો, એમણે વાતવાતમાં કહ્યું કે 'અમારા એક ડૉકટર મિત્ર છે અહીં વલસાડમાં, એકવાર તેમની સાથે પ્રાકૃતિક વાતાવરણમાં ટ્રેકીંગ કરતો હતો અને એમણે સુખના સરનામાની બહુ સરસ વાત કરી...'

નીલેશ જે વાત કહી એના સુધી જતા પહેલા સુખની અનુભૂતિ પણ અનુભવીએ. (અહીં વાત કરીએ એવું મેં સમજીને નથી લખ્યું કારણ કે સુખ એ વાતોનો નહિ અનુભવનો પ્રદેશ છે.)

સુખ મેળવવાની ઝંખના માણસના જન્મ સાથે જ આપણા અસ્તિત્વ સાથે જોડાઈ જાય છે. બાળકના જન્મ સમયે માને 'મા' બનવાનું જે સુખ પ્રાપ્ત થાય છે ને બાળકને ધાવણનું જે સુખ પ્રાપ્ત થાય છે એ પરમ સુખની જ અનુભૂતિ હશે !!! બાળક ધીમે ધીમે વિકસતું જાય, એના વ્યક્તિત્વમાં રોજ નવી વાતો ડેવલપ થતી જાય, એની નાની નાની હિલચાલ જે પહેલીવાર હોય, માતા-પિતાને અને પરિવારને સુખ આપે.

ત્યાંથી શરૂ કરીને માણસના અસ્તિત્વમાં છેક વૃદ્ધાવસ્થા સુધી સુખની અનુભૂતિ છવાયેલી છે. માણસ ઉંમરના જુદા જુદા તબક્કે જુદી જુદી દિશાઓમાં, જુદી જુદી વિધાઓમાં અને જુદા જુદા વ્યક્તિત્વોમાં સુખ શોધ્યા કરે છે, સુખ પામવાની કોશિષમાં કયારેક સફળતા મળે છે તો કયારેક મળતી નિષ્ફળતા વળી દુ:ખને નોતરે છે. એ દુ:ખમાંથી બચવાના ઉપાયરુપે ફરી શરૂ થાય છે સુખની શોધ.

ડૉ. શ્યામલ મુનશીની ખુબ જાણીતી રચનાના શબ્દોનું સહજ સ્મરણ થાય...

સુખનું સરનામું આપો,
જીવનના કોઈ એક પાના પર
એનો નકશો છાપો...

છે કોઈની પાસે સુખનું સરનામું ? ને મળે તો સુખ કયાં માપે મળે છે? કેટલા ભાવે મળે છે ?

અહીં વાત સંધાય છે ફરી નીલેશના ડૉકટર મિત્રએ કહેલી વાત સુધી. એમણે કહ્યું હતું કે માણસને જો વાસ્તવમાં સુખી થવું હોય તો બહુ બધી વસ્તુઓ વિના મૂલ્યે મળે છે, એક રુપિયો પણ ખર્ચ કર્યા વિના તમે ને હું સુખની અનુભૂતિ કરી શકીએ. જેમ કે સહજ પ્રેમ પામીને અને આપીને, સુખ-દુ:ખ વહેંચીને, હસતા રહીને અને બીજાને હસાવીને, ઘરની જ આસપાસના વાતાવરણમાં સવારે ને સાંજે પંખીઓના મધુર કલરવમાંથી સંગીત પામીને, ફાગણના ફુલગુલાબી પવનને અને શ્રાવણના સરેવડાને ઝીલીને, બાળકની આંખોમાં રહેલા અચરજ ને ઐશ્વર્યને પામીને, ... ગણવા બેસો તો અગણિત જગ્યાએથી આપણને એકે રુપિયો ખર્ચ કર્યા વિના સુખ પ્રાપ્ત થઈ શકે છે.

એજ વાતચીતમાં વળી વાત થઈ કે હેપ્પીનેસ ઈન્ડેક્સમાં ભારતનું સ્થાન ૧૩૬મું છે. તો નીલેશે પોતાનો વિચાર રજૂ કરતા કહ્યું કે, 'હેપ્પીનેસ' આમ તો માપી જ શકાય નહિ અને માપવાના માપદંડો પણ અલગ અલગ હોઈ શે. કેટલાક માત્ર આપીને જ રાજી થાય ને કેટલાક આર્થિક ફાયદો છોડીને પણ રાજી થાય... એ હેપ્પીનેસને કેમ કરીને માપશો ?

આખરે સુખી થવું,
રાજી રહેવું એ વ્યક્તિની પોતીકી નિસ્બતની વાત છે, સમયે સમયે એ બદલાતી પણ રહે છે. કોઈ આપણને પ્રેમ કરે છે અને આપણે કોઈને પ્રેમ કરીએ છીએ એ જો અનુભૂતિ હોય તો એનાથી વધુ ઉત્તમ આનંદ દુનિયામાં બીજો કયો હોઈ શકે ? આપણી જયાં શ્રદ્ધા હોય એ સ્થળે આપણા સદ્‌ગુરુના કે શ્રદ્ધેય કે પ્રિય વ્યક્તિના સાનિધ્યમાં સાવ સહજપણે વર્ણન ન થઈ શકે એવો આનંદ અનુભવાય તો એનાથી મોટું સુખ બીજું કયું હોઈ શકે ?

કયારેક છોડીને પણ પામવાનો આનંદ હોય છે. વ્યક્તિગત અનુભવની વાત કરું તો હમણાં એક સંસ્થાના કાર્યક્રમમાં મારે સાવ સામાન્ય શ્રોતારુપે જ જવાનું હતું. લાંબા સમયથી એ તારીખમાં કોઈ કામ ન સ્વીકારવું એવું નક્કી કર્યું હતું... હવે એ દિવસે મને બે કાર્યક્રમોના સંચાલન માટે નિમંત્રણ મળ્યું, પરંતુ મારે એ દિવસે જયાં મારો દાયકાનો સંબંધ છે એ SGVP ગુરુકુળના ભાવવંદના પર્વમાં જવું હતું... તો માનભેર બંને આયોજકોને ના પાડી, અર્થ અને અર્ક એ કે ભૌતિકરુપે પ્રાપ્ત થનારા પૈસા કરતાં વધુ મહત્ત્વ મારા માટે મારી શ્રદ્ધા અને મારા સંબંધોનું હતું... એટલે કશુંક છોડીને પણ મને અનહદ આનંદ મળ્યો...

ફરી વાત એ જ કે સુખ - રાજીપો - આનંદ આપણે આપણા અંદર - બહાર સર્વત્ર પામી શકીએ એમ છીએ. જરૂર હોય છે એને પામવા માટેની તરસ જાગૃત કરવાની... જરૂર હોય છે એક દીવડો સમજણનો પ્રગટાવવાની - આવું જો થાય, અને જયારે જયારે થાય ત્યારે ત્યારે સુખના ને આનંદના અજવાળાનો આપણને અનુભવ થાય જ છે.

### દિન મહિમા

- વિશ્વ જળ દિન
- ૧૮૮૮માં ફૂટબોલ લીગની સ્થાપના થઈ હતી.
- સુંદરમ્‌ની જન્મજયંતિ, ગુજરાતી ફિલસુફ, કવિ, સાધક.

### આજનું ઔષધ

- હળદર, મરી, અડદને સાથે અંગારા પર નાંખી ધુમાડો લેવાથી દમમાં તરત રાહત થાય છે.

### ખડખડાટ

- પતિ : (ગુસ્સામાં... મોટેથી બુમ પાડીને...) 'આ બાથરૂમની લાઈટ કોણે ચાલુ રાખી છે....?'
પુત્ર : પપ્પા... મમ્મીએ રાખી છે!
પતિ : ઓહ... અચ્છા... વેરી. ગુડ.. એને લીધે વરંડામાં સારૂં અજવાળું પડે છે...!

### આજનો વોટ્સએપ

- જીવનમાં જીવન શોધવું જ જીવન છે.

# કાશ્મીર એટલે પંડિતોનો પ્રદેશ... પંડિતો એટલે બુદ્ધિજીવીઓ... સંશોધનકર્તાઓ...




આજે જ્યારે આપણો દેશ ''કાશ્મીર ફાઈલ્સ'' જોઈને સફાળો ઊંઘમાંથી જાગી ગયો છે, ત્યારે ત્રણ વર્ષ પહેલાં કાશ્મીરના સંસ્કૃત પંડિતોના જાજરમાન વારસાને ઉજાગર કરતો આ લેખ પુન: આપની સમક્ષ મૂકતા ગર્વની લાગણી થાય છે.

ઋગ્વેદના નદી સૂક્તમાં 'વિતસ્તાહ્વ નદીની વાત આવે છે, જે અત્યારની કશ્મીરની જેલમ છે. બ્રહ્માના પુત્ર મરીચિ અને તેમના પુત્ર કશ્યપ ઋષિએ વરાહ મૌલા (બારામુલા) પર્વતને કાપીને ત્યાં પ્રદેશ રચ્યો કાશ્મીર - 'શીમીરાહ્વ એટલે અવ્યવસ્થિત પાણી વાળી ભૂમિ. કાશ્મીરના મહાન સંસ્કૃત વિદ્વાન અને ઈતિહાસકાર 'કલ્હણહ્વની રાજતરંગિણીના અધ્યયન વિના કાશ્મીરના અસ્તિત્વને સમજી શકાય તેમ નથી જ નથી. રાજતરંગિણી એટલે રાજાઓની નદી. કવિતાના રૂપમાં કશ્મીરનો આખો ઈતિહાસ આ ગ્રંથમાં વર્ણિત છે. રાજતરંગિણીમાં કુલ આઠ તરંગ છે. જેના પહેલા તરંગમાં કહેવામાં આવ્યું છે કે, પાંડવોના સૌથી નાના ભાઈ સહદેવે આ રાજયની સ્થાપના કરી હતી. આ 'કાશ્યપ - મેરુહ્વ નગરી - કે જે કશ્મીરમાં પરિવર્તિત થઈ. આ સ્થળ જયારે સુમસાન બનવા લાગ્યું હતું ત્યારે કશ્યપ ઋષિએ વિદ્વાનોને ત્યાં વસવા માટે સૂચન કર્યું, કે જેઓ પછીથી કાશ્મીરી પંડિત કહેવાયા. તેમાં પહેલાં વૈદિક ધર્મ જ પ્રચલનમાં હતો, ત્યારબાદ ૨૭૩ ઈ.સ. પૂર્વે કાશ્મીરમાં બૌદ્ધ ધર્મનું આગમન થયું.

તેવી જ રીતે ૧૪મી સદીમાં હિન્દુ રાજા 'જમ્બુ લોચાન' મૃગયા માટે 'તાવી' નદીના કિનારા સુધી પહોંચી ગયા. જયાં તેમણે સિંહ અને બકરી બંનેને એક સાથે પાણી પીતા જોયા, અને આથી જ તેમણે ત્યાં નગર વસાવવાનો નિર્ણય લીધો, જે નગર 'જમ્બુ' ના નામે ઓળખાતું થયું. કાળક્રમે તે 'જમ્મુહ્વ પ્રદેશ નામે પ્રચલિત થયો.

હવે આપણે વાત કરવી છે સંસ્કૃત ઈતિહાસકાર કલ્હણની કે જેમણે 'રાજતરંગિણી'માં તટસ્થ રીતે કાશ્મીરનો ઈતિહાસ કાવ્યાત્મક અને રસાળ શૈલીમાં લખ્યો છે. ૧૯મી શતાબ્દીના ઉત્તરાર્ધમાં ઔરેલસ્ટીને ગોવિન્દ કૌલ સાથે મળીને આ ગ્રંથનો અંગ્રેજી અનુવાદ કર્યો હતો. 'રાજતરંગિણી' માં આપવામાં આવેલ વિગતોની પુષ્ટિ ભારતીય પુરાણોમાં ઉલ્લિખિત વિગતો સાથે મેળ ખાય છે. પરંતુ કમનસીબે ભારતના ઈતિહાસ લેખનમાં આ પુસ્તકનો કોઈ સહયોગ લેવામાં ન આવ્યો. અપિતુ 'ફલીટહ્વ વગેરે ઈતિહાસકારોએ તો આમાં વર્ણવેલા તથ્યોને અપ્રમાણિક સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો.

'રાજતરંગિણી'માં કાશ્મીરનો ઈતિહાસ મહાભારત યુદ્ધ (૩૧૩૮ ઈ.પૂ.) થી ૩૧૨ વર્ષ પર્વે, એટલે કે ૩૪૫૦ ઈ.સ.પૂ. થી લઈને ઈ.સ. ૧૧૪૮ (રાજતરંગિણી)ના રચના સમય સુધીનો સમાવિષ્ટ છે. આ રીતે કાશ્મીરનો ઈતિહાસ ૫૪૦૦ વર્ષોથી પણ અધિક જૂનો છે.

કશ્મીરનો પ્રથમ રાજા ગોનંદ પ્રથમ મગધ નરેશ 'જરાસંધહ્વના પરિવારનો સગો હતો. જે કૃષ્ણના મોટાભાઈ બલરામ દ્વારા મરાયો હતો. તેનો પુત્ર દામોદર ત્યારબાદ ત્યાંનો રાજા બન્યો. જેને કૃષ્ણની સેનાએ મારી નાખ્યો. શ્રીકૃષ્ણએ ત્યારબાદ તેની પત્ની યશોમતીને છ મહીના માટે શાસિકા બનાવી. તેનો પુત્ર ગોનંદ દ્વિતીય તે પ્રદેશનો શાસક બન્યો.

ઈસા પૂર્વ ૩૦૮૩માં હસ્તિનાપુરના રાજા પરીક્ષિતે તેને એક લડાઈમાં હરાવ્યા બાદ ગોનંદનો કોઈ ઉત્તરાધિકારી ન હોવાના કારણે પરીક્ષિતે રાજયને પોતાના અધિકારમાં લઈ લીધું. હરદેવદેવને રાજા નીમીને વર્ષો સુધી રાજય ચલાવ્યું.

ઈતિહાસ સંશોધક પં. કોટાવેંકટચલમ (૧૮૮૫-૧૯૫૯) એ કશ્મીર વંશાવલી પર ઘણી ચર્ચા કરી છે, અને 'રાજતરંગિણીહ્વનો આધાર લઈને કાશ્મીરના વિભિન્ન રાજવંશોની, રાજાઓની ક્રમાનુસાર યાદી 'ક્રોનોલોજી ઓફ કાશ્મીર હિસ્ટ્રી રિકન્સટ્રેકટેડ' નામના પુસ્તકના પૃ. ૯૦ થી ૧૦૧માં આપવામાં આવી છે.

કલ્હણ પછી 'જોનરાજ' નામક એક ૧૫મી સદીમાં થઈ ગયેલા સંસ્કૃત કવિએ પણ 'દ્વિતીય રાજતરંગિણી' લખી છે. જેમાં કલ્હણે લખેલા ઈ.સ. ૧૧૪૯ સુધીના વૃત્તાંતને યથાતથ રાખ્યા પછી ત્યારથી લઈને ઈ.સ. ૧૪૫૯ સુધી પોતાના સમકાલીન સુલ્તાન જૈન-ઉલ-અબિદીન (બુડ શાહ) સુધીના રાજાઓનું વર્ણન કર્યું છે.

કલ્હણે 'રાજતરંગિણી' માં કુલ ૧૩૬ રાજાઓની વંશાવલી સૂચિ તૈયાર કરી હતી તેને જોનરાજે આગળ ધપાવી.

હવે કાશ્મીરનાં આપણા સંસ્કૃત વિદ્વાનો વિશે જાણી લઈએ.

(૧) લગધ (ઈ.સ. પૂર્વે ૧૪૦૦ થી ૧૨૦૦ વચ્ચે) જેમણે વેદાંગ જયોતિષની રચના કરી. (૨) ચરક (ઈ.સ. પૂર્વે ૩૦૦) આયુર્વેદના મહાન સૂત્રધાર (૩) વિષ્ણુશર્મા (ઈ.સ. પૂર્વે ૩૦૦) પંચતંત્રના રચયિતા (૪) નાગસેન (ઈ.સ.પૂર્વે. ૨૦૦) બૌદ્ધદર્શનના પ્રકાંડ પંડિત (૫) જયજત્ત (પાંચમી સદી) સુશ્રુત સંહિતા પર ભાષ્ય લખનાર (૬) વાગ્ભટ્ટ (સાતમી સદી) આયુર્વેદના ત્રણ સ્તંભમાંના એક – ચરક, સુશ્રુત અને વાગ્ભટ્ટની ત્રિવેણી. (૭) ભામહ (સાતમી સદી). (૮) રવિગુપ્ત (૭૦૦-૭૨૫) બૌદ્ધ દાર્શનિક (૯) આનંદવર્ધન (૧૦) વસુગુપ્ત (૧૧) સોમનંદ, (૧૨) રુદ્રટ (૯મી સદી) 'કાવ્યાલંકારહ્વનાં રચયિતા (૧૩) જયંતા ભટ્ટ (૯મી સદી) 'આગમાડંબરાહ્વ નામક ન્યાય આધારીત મીમાંસા આધારિત ગ્રંથના રચયિતા. (૧૪) 'મેધાતીથિ' (૯મી કે ૧૦મી સદી) 'મનુસ્મૃતિ'ની અદ્ભુત ટીકા લખનાર (૧૫) ઉત્પલવેદ (૯૦૦ થી ૯૫૦) શૈવતાંત્રિક 'પ્રત્યભિજ્ઞા' સ્કૂલના ટીચર (૧૬) અભિનવગુપ્ત (૯૫૦-૧૦૨૦) 'અભિનવભારતીહ્વ - નાટ્યશાસ્ત્ર ઉપરની ટીકાના રચયિતા (૧૭) ઉત્પલ (૧૦મી સદી) ગણિતજ્ઞ (૧૮) ક્ષેમેન્દ્ર (૯૯૦ થી ૧૦૭૦) (૧૯) કલ્હણ (૧૨મી સદી) 'રાજતરંગિણી' ના કર્તા, (૨૧) જલ્હણ (૧૨મી સદી) મુગ્ધોપદેશના કર્તા. આ ઉપરાંત કેશવ ભટ્ટાચાર્ય, મમ્મર (કાવ્યશાસ્ત્રનો ગ્રંથ 'કાવ્ય પ્રકાશહ્વ નાં રચયિતા) રલ્હણ, શિલ્હણ, મલ્હણ, રુય્યક, કુંતક, રુચક, ઉદ્ભટ્ટ, શંકુક, રત્નાકર (હરવિજયના રચયિતા) શિવસ્વામી, ભર્તૃમેણ્ઠ (હ્યગ્રીવ-વધના કર્તા) મંખક (શ્રીકણ્ઠ રચિતના કર્તા), સોમદેવ, જયદત્ત, ક્ષીરસ્વામી, પિંગલ, વામન, પુષ્પદન્ત, આવા તો અનેક મહાન સંસ્કૃત વિદ્વાન કાશ્મીરની પાવન ભૂમિમાં થઈ ગયા. જેમનું પ્રદાન સમગ્ર વિશ્વમાં અદ્વિતીય કહી શકાય, તે કક્ષાનું છે. ત્યારે કાશ્મીર સંસ્કૃતના સાયુજ્યને આપના સુધી પહોંચાડવાનો યત્ન કર્યો છે. ઈતિહાસકાર 'કલ્હણહ્વની 'રાજતરંગિણીહ્વમાં વર્ણિત કાશ્મીરી રાજાઓની વંશાવલી તથા ત્યાં થઈ ગયેલા અઢળક અતિવિદ્વાન સંસ્કૃત કવિઓની વિરાસત સંગૃહિત કરીને બેઠેલું કાશ્મીર એ માત્ર કોઈ પ્રદેશ નથી, તે આપણા સૌની સાથે જોડાયેલું સાંસ્કૃતિક, શૈક્ષણિક સંધાન છે, આ પ્રદેશમાં રહેતાં પંડિતોની વિદ્વત્તાને કારણે જ આપણે પૂરી દુનિયામાં આપણી આગવી ઓળખ પ્રસ્થાપિત થઈ હતી. આવા મહાન પંડિતોની ઓળખને આપણા શાળેય ઈતિહાસમાં ક્યાંય સ્થાન પ્રાપ્ત થયું નથી, માટે નિમ્નલિખિત પુસ્તકો અને સ્રોત દ્વારા તે વિશેની માહિતી આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

**સહાયક સંદર્ભગ્રંથ**

(૧) રાજતરંગિણી-મહાકવિ કલ્હણ, પ્રકાશન-ચૌખમ્ભા પ્રકાશન, વારાણસી (૨) ક્રોનોલોજી ઓફ કાશ્મીર હિસ્ટ્રી રિકન્સટ્રેકટેડ, લેખક- પં. કોટાવેંકટચલમ(ઈતિહાસકાર) (૩) સંસ્કૃત સાહિત્ય કા ઈતિહાસ, બલદેવ ઉપાધ્યાય, પ્રકાશન-ચૌખમ્ભા પ્રકાશન, વારાણસી (૪) સંસ્કૃત વિકીપીડિયા

- jayuoza@gmail.com,
Mo.9898046488

# જેટલું નજર સામે હોય છે એટલું જ સિમિત જીવન નથી હોતું




ફરફર વહેતા ફાગણ અને વાસંતી વાયરા જીવનમાં ઉમંગ સાથે નવા અરમાનો ભરી દે છે. ફાગણના રંગ અંગેઅંગ ઉપર લગાવવાનો થનગનાટ સમજી શકાય એમ છે. દરેક ઋતુની એક અલગ ફ્લેવર છે. પ્રત્યેક ઋતુનો અલગ અંદાજ છે. એક મિત્ર હળવા મુડમાં કહેતો કે, વસંતના વાયરામાં જેનું મન હિલોળે નથી ચડતું એણે એના શરીર અને મનની તપાસ કરાવવી પડે. ફાગણના રંગોમાં રંગાવાનો ઉમંગ જેને હોય એ ૬૦ વર્ષનો હોય તો પણ યુવાન છે અને જો આ ઉમંગ નથી તો ૨૨ વર્ષનો યુવાન પણ આધેડ છે.

મોસમના મિજાજને માણવા મનમાં મોરલાના ટહુકારને સાંભળવાની આવડત કેળવવાની જરૂરી છે. પ્રત્યેક પળની અનોખી અદા હોય છે. સલાહ અને સુચનો હંમેશા બોરીંગ લાગે પણ મનમાં ઉત્સાહનો ફુવારો ફુટે એ વાત હદયને પ્રસન્ન કરે જ કરે. મનની પ્રસન્નતા માટે કેટલીક વાત આજે છેડવી છે. સંભવ છે કેટલાકને માટે આમાંથી કેટલીક વાત ફીટ બેસતી હોય એવું લાગે અને કેટલાકને એ વાત અનફીટ લાગે એવુ પણ બને. સૌથી પહેલા તો વ્યક્તિએ પોતાની જાતને ખોળવી પડે. પોતાની જાતને જાણવા માટે સજાગ રહી પોતાના માટે સમય આપવો પડે. ચિંતક એરિસ્ટોટલે સરસ કહ્યું છે કે, જ્યારે તમે જાણો છો કે તમે કોણ છો, ત્યારે તમે તમારા સપના, લક્ષ્યો, ધોરણો, માન્યતાઓને બરાબર સમજી શકો છો. જ્યારે વ્યક્તિને ખબર પડે કે તે પોતે કોણ છે ત્યારે એનું જીવન અર્થસભર બની ખીલી જતું હોય છે.

પોતાની આગેકૂચ અને સફળતા ઉપર હંમેશા થોડું ધ્યાન રાખવું જોઈએ. જોકે, એ વાત બિલકુલ સાચી છે કે, સફળતાનો નશો માથે ન ચડી જવો જોઈએ. પરંતુ સફળતાને સાવ ઈગ્નોર પણ ન કરવી જોઈએ. દુ:ખી થવા પાછળનું એક કારણ એ પણ છે કે, જ્યારે નાની કે મોટી સકસેસ મળે ત્યારે ભવિષ્યનો વિચાર કરી અત્યારે મેળવેલી સિદ્ધિને નાની ગણવાની ભૂલ થઈ જતી હોય છે. પોતે કેટલે દૂર આવ્યા અને ત્યાં પહોંચવા કરેલા પરિશ્રમને ભુલી ઘણું દૂર જોવાની આદતથી હાર માની લેવાની માનસિકતા ત્રાસદાયક છે. પરિણામે જે મેળવ્યું છે એ ક્ષણનો આનંદ છિન્નભિન્ન થઈ જાય છે.

બની ગયેલી ઘટનાઓની ઘટમાળાના જાળા એટલા તો ખતરનાક રીતે આસપાસ વિંટળાયેલ હોય છે કે, વર્તમાન અને ભવિષ્યના તેજના ચમકારાનો અહેસાસ નથી થઈ શકતો. કવિવર રવિન્દ્રનાથ ટાગોરને એક



વાર કોઈએ પૂછ્યું કે, 'કઈ વ્યક્તિ શ્રેષ્ઠ, કયો સમય ઉત્તમ અને કયુ સ્થળ અગત્યનું છે' ત્યારે કવિવરે તરત જવાબ આપ્યો કે, 'તમે સૌથી શ્રેષ્ઠ વ્યક્તિ છે, આ પળ સૌથી ઉત્તમ છે અને જ્યાં આપણે વાતો કરીએ છીએ એ જગા સૌથી અગત્યની છે.' આનો સીધો અર્થ એ થાય કે, વર્તમાન સમય, સામે ઉભેલો વ્યક્તિ અને હાલનું સ્થળ સૌથી મહત્વના છે. કારણ કે, એ તમારી સન્મુખ છે અને તેમાં તમે વહી રહ્યા છો. ભૂતકાળનો સમય તમારા હાથમાં નથી, જે છે એ વર્તમાન છે અને એ જ સર્વશ્રેષ્ઠ છે.

સામાન્ય રીતે વ્યક્તિ ધારણાઓની દિવાલો ખૂબ ઝડપથી ચણી લેતો હોય છે. એક ભાઈ હંમેશા વાત કરતી વખતે અનુમાન બાંધી લે અને પછી ધાર્યા પ્રમાણે ન બને એટલે ખિન્ન થઈને સુનમુન થઈ જાય. જ્યારે વ્યક્તિ કે પરિસ્થિતિને બરાબર સમજતા નથી કે જાણતા નથી એ પહેલા ધારણાઓ બાંધવાના ચક્કરમાં કેમ પડવાનું ? પૂર્વધારણાઓમાં ક્યારેય ન જકડાવવું જોઈએ. જીવન અખૂટ સંભાવનાઓના આનંદનો મહારસાગર છે. જેટલું જોઈએ અને નજર સામે છે એટલું સિમિત જીવન ક્યારેય નથી હોતું. જે મેળવ્યું છે એ તો સમગ્ર જીવનનો એક નાનો અમથો ટૂકડો માત્ર છે. આખું બ્રહ્માંડ બાકી છે. ધીરજપૂર્વક જીવનના પ્રત્યેક મોડ ઉપર મોજથી વહેતા શીખવું પડે. જે ૨૪ વર્ષની ઉંમરે આનંદનો કંસેપ્ટ હતો તેનાથી તદ્દન જૂદો ૪૦ વર્ષે હોઈ શકે અને ૬૦ વર્ષે મનની મોજના માર્ગ એનાથી પણ અલગ હોઈ શકે. ખરેખર તો સતત અવિરત પ્રત્યેક પળને માણવાની વાત મનમાં મમળાવાય એ જરૂરી છે.

જ્યારે કંઈક પામવું છે તો કંઈક આપવું પડશે. જ્યારે ખુશી જોઈએ છે તો સામે ખુશી આપતા શીખવું પડશે. મનમાં એમ થાય કે મારી સાથે લોકો બેસે, વાતો કરે તો એ પહેલા તમારે લોકો વચ્ચે જઈને બેસવું પડે, એમની સાથે વાતો કરવી પડે. કોઈના જીવનમાં તમે કેટલો રસ લો છો, એ પ્રમાણે કોઈ તમારા જીવનમાં રસ લેશે. હા, એટલું ધ્યાન રાખવું પડે કે, કોઈના જીવનમાં રસ લેવો એટલે એમના જીવનમાં ખોટો ચંચુપ્રવેશ કરવો એમ નહીં.

વાણી અને વર્તનથી અન્યને પ્રભાવિત કરવાની એક ભાઈને ટેવ. એ હંમેશા બોલતા કે વર્તતા સભાનપણે પ્રયાસ કરે કે બીજા લોકો એનાથી અંજાઈ જાય અને આફરીન થઈ જાય. આ એક પ્રકારની ભયંકર માનસિકતા છે. જેને માટે અંગ્રેજીમાં 'સુપરિયારીટી કોમ્પલેક્સહ્વ જેવો શબ્દ ઉપયોગમાં લેવાય છે. ક્યારેય બીજાને પ્રભાવિત કરવાના પ્રયાસમાં સમય ન બગાડવો જેવો નથી. બીજાને ઈમ્પ્રેસ કરવામાં વ્યક્તિ પોતાની ખુશીને ક્યારે સપ્રેસ કરી બેસે છે એની ખબર જ નથી પડતી. ક્યારેય દુ:ખી ન થવું હોય તો એક નિયમ યાદ રાખવો કે, બહુ ક્રોધમાં હોવ કે બહુ આનંદમા હોવ ત્યારે કોઈ નિર્ણય ન લેવો. સૌથી શ્રેષ્ઠ નિર્ણયો શાંત અને પ્રફુલ્લિત મન હોય ત્યારે લેવાતા હોય છે. અતિ નકારાત્મકતા અને અતિ સકારાત્મકતા મનને અવળે માર્ગે લઈ જાય છે અને ત્યારે નિર્ણય સાચો કેવી રીતે હોઈ શકે ?

મુળ વાત તો પોતાની જાત ઉપર વિશ્વાસ રાખવાની છે. વ્યક્તિ જે રીતે પોતાની જાતને જૂએ છે એ જ રીતે એ પોતાની સાથે વર્તન કરતો હોય છે. જીવનમાં અનેક પ્રસંગો બને, અસંખ્ય લોકો સાથે સંવાદ કે વિવાદ થાય પરંતુ આ બધામાં કેન્દ્ર સ્થાને તો તમે સ્વયં હોવ છો. તમારા આનંદ માટે પહેલી શરત તમે તમારી જાતને ઓળખો. પોતાની સાથે સંવાદ સાધો પછી જૂઓ વર્તનમાં કેવા બદલાવ આવે છે.

**ધબકાર :**

અભ્યાસ કરવામાં આખી યુવાની પસાર કરી દીધી અને શીખ્યા માત્ર બીજાને નીચે પાડવાનું !